PASSION&COLLECTION

ફિલાટેલિક કલેક્શનથી સિંહોને બચાવવાનાં અભિયાનમાં ફાળો

ગીરનાં જંગલમાંથી સિંહોને મધ્યપ્રદેશના કાન્હા નેશનલ પાર્કમાં શિફ્ટ કરવાનો સુપ્રીમ કોર્ટે ઓર્ડર આપ્યો છે ત્યારે વડોદરાના વન્યજીવ પ્રેમી અને સીએ ભાવિન મારફતિયા સિંહો પર પ્રકાશિત થતી પોસ્ટલ સ્ટેમ્પ્સનું કલેક્શન કરે છે. તેઓ વર્લ્ડની આ રેર સ્પિસિસને બચાવવાના અભિયાનમાં સહભાગી થવા છેલ્લાં 3 વર્ષથી આ કલેક્શન કરે છે.

KING'S HOBBY

જય મિશ્રા : વડોદરા

તાજેતરમાંજ કેટલાક એશિયાઇ લાયન્સને ગીરના જંગલમાંથી મધ્યપ્રદેશના કાન્હા નેશનલ પાર્કમાં શિફ્ટ કરવાનો ઓર્ડર કોર્ટ દ્વારા અપાયો છે. દેશમાં એશિયેટિક લાયન્સનું એક માત્ર નિવાસસ્થાન ગીરનું જંગલ છે, જ્યારે વર્લ્ડમાં આફ્રિકા ખંડના 28 દેશોમાં સિંહ જોવા મળે છે. 'કિંગ ઓફ ધી જંગલ' તરીકે ઓળખાતા આ એનિમલ વિશે સિટીના એક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ ફિલાટેલિક કલેક્શન ધરાવે છે. સીએ ભાવિન મારફતિયા સિંહો પરનું ફિલાટેલિક કલેક્શન ધરાવે છે. તેમના કલેક્શનમાં એશિયેટિક અને આફ્રિકન લાયન પર છપાયેલી વિવિધ દેશોની સ્ટેમ્પસ, લાયન્સ ઇન કન્સેલેશન, વર્લ્ડ વાઇલ્ડ ફેડરેશન (ડબલ્યુડબલ્યુએફ) દ્વારા બહાર પાડવામાં આવેલા સ્પેશિયલ કવર, સ્ટેટના આંતરદેશીય કવર્સ વગેરે છે.

સ્ટેમ્પ્સ કલેક્શન સીએ ભાવિન મારફતિયા ઘણા વર્ષોથી કરે છે. પરંતુ સિંહોના સંરક્ષણ તેમજ તેની અવેરનેસની દિશામાં હાથ ધરાયેલા અભિયાન બાદ તેની જાળવણી થાય અને તેના વિશેની અવેરનેસ ફેલાય તેવા હેતુથી તેમણે 3 વર્ષ અગાઉ લાયન સબ્જેક્ટ પર કલેક્શન શરૂ કર્યુ હતું. આ કલેક્શનમાં નોંધપાત્ર ચીજો એકઠી થઇ છે. કલેક્શનમાં સિંહની સુરક્ષાની અવેરનેસ માટે વિવિધ દેશોએ બહાર પાડેલી સ્ટેમ્પસ કવર્સ તેમજ ફિલાટેલિક કલેક્શનનો પણ સમાવેશ થાય છે. ભાનિવ મારફતિયાની પેશન એટલી હદ સુધીની છે કે વર્લ્ડ વાઇલ્ડ ફેડરેશન દ્વારા બહાર પડાયેલ સ્પેશિયલ કવર પર તેમણે સાસણગીર રૂબરૂ જઇને ત્યાંની પોસ્ટ ઓફિસનું કેન્સેલેશન (સિક્કો) મરાવ્યો છે. ઉપરાંત કવર પર ગીરના ડીએફઓની સિગ્નેચર પણ લીધેલી છે. સિંહ વિષયના આ કલેક્શન દ્વારા તેઓ સિંહોને આવાનારી પેઢી જોઇ શકે તે માટે તેમની સુરક્ષા થતી રહે તે અંગેની અવેરનેસ પ્રસરાય તેવું પણ ઇચ્છે છે.

આઝાદી પહેલાંની ટપાલ

આ ટપાલ આઝાદી પહેલાની છે. 22 એપ્રિલ, 1947ના કવર પર જુનાગઢ સ્ટેટનો સિમ્બોલ મારેલો છે. જેમાં વેરાવળ પોસ્ટ ઓફિસનું કેન્સેલેશન મારેલું છે અને અડધા આનાની સિંહની સ્ટેમ્પ ચોંટાડેલી છે. આ હિસ્ટોરિક કવર છે.

લાયન ફેમિલી

એશિયાટિક લાયનનો પરિવાર એવા સબ્જેક્ટ પર 1999માં ડબલ્યુડબલ્યુએફ દ્વારા ઇશ્યુ કરાયેલ 3 રૂપીયાની સ્ટેમ્પ છે. જ્યારે આફ્રિકાના લાયનના પરિવારના વિષય પર ઘાના દેશમાં 2004માં બહાર પાડવામાં આવેલા સ્ટેમ્પ છે.

સ્પેશિયલ કવર

ગુજપેક્ષ 2011 સમયે વર્લ્ડ વાઇલ્ડ ફેડરેશન દ્વારા સિંહના સિમ્બોલવાળું સ્પેશિયલ કવર લોન્ચ કરાયું હતું.

એર મેલ કવર્સ

આ એરમેલ કવરમાં આફ્રિન લાયન્સની એક સાથે 9 સ્ટેમ્પ છે જે આફ્રિકાથી અમેરિકા મોકલાયેલું હતું.

દીકરાને કલેક્શન ગિફ્ટ કરીશ

હું કલેક્શન કરવા માટે મારા દાદા બાબુભાઇ મારફતિયાથી પ્રેરાયો હતો. તેમજ મારા દીકરાનું પ્રિય પ્રાણી પણ સિંહ છે. તેથી તે પણ આ કલેક્શન સાથે સહજ રીતે જોડાયેલો છે. હું મારા દીકરાને ફ્યુચરમાં આ કલેક્શન ગિફ્ટ કરીશ.

ભાવિન મારફતીયા, સિંહના સબ્જેક્ટ પરનું કલેક્શનથી અવેરનેસનો પ્રસરાવી રહેલા સીએ

ભાવિન મારફતીયા
- **એજ :** 35 વર્ષ
- **એજ્યુકેશન :** બીકોમ સીએ
- **પ્રોફેશન :** ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ

GROUPS&ASSOCIATION

વ્યક્તિગત બચતમાંથી સેવા કરતો શહેરનો માનવધર્મ પરિવાર

'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી આ મિત્રો કામ કરે છે.

▶ માનવધર્મ પરિવાર અનેક અભિયાન ઉપાડે છે.

SERVINGWITHASMILE

સિટી રિપોર્ટર : વડોદરા

'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના સાથે શરૂ કરાયેલ 'માનવધર્મ પરિવાર' મિત્ર મંડળે તાજેતરમાં જ 15 ઓગસ્ટના રોજ એક વર્ષ પૂરું કર્યું. પોતાના તમામ ખોટા ખર્ચાં પર કાપ કરીને તે બચતનો ઉપયોગ બીજા માટે કરવો તેવી ભાવના સાથે વીસેક જેટલા યુવાનો આગળ આવ્યા. માત્ર એક વર્ષના ગાળામાં જ આ ગ્રૂપે વિવિધ અભિયાન, પ્રવૃત્તિઓ દ્વારા અનેક જરૂરિયાતમંદો સુધી પહોંચ્યા. હ્યુમેનિટી રિલિજીયનના સ્લોગન સાથે આ પરિવાર જ્ઞાતિના બાધ વગર તમામને મદદ કરવામાં માને છે.

માનવધર્મ પરિવારના ફાઉન્ડર પ્રેસિડન્ટ પિંકલ ભટ્ટે જણાવ્યું કે, 'આપણે તમામ જીવનની જર્ની એક માણસ તરીકે શરૂ કરીને પૂરી કરીએ છીએ. અમારો હેતુ મનુષ્યને મનુષ્ય સુધી જોડતી વ્યવસ્થા તૈયાર કરવાનો છે. તેથી જ અમે 'વસુધૈવ કુટુમ્બકમ'ના સ્લોગન સાથે જ કામ કરીએ છીએ. અને તેથી જ અમે કોઈ એક પ્રવૃત્તિ કરતા અનેક પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છીએ. અમે ડોનેશન લેતા નથી. જોડાયેલા તમામ મિત્રો પોતાના બિનજરૂરી ખર્ચા પર કાપ મૂકી બચેલા રૂપિયાથી સેવા કરે છે.' આ સંસ્થા બાળ વિકાસ શિબિર, નશાબંધી, વ્યક્તિત્વ વિકાસ પ્રવૃત્તિઓ, વૃક્ષારોપણ, મેડિકલ કેમ્પ, કેન્સર અવેરનેસ, ગૌરક્ષા, કાગળના કપમાં ચા પીવાનું અભિયાન, સ્વદેશી-શાકાહારી અભિયાન, શિક્ષણ, વર્લ્ડ પીસ મિશન જેવી અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે.

HISTORY&HERITAGE

પોસ્ટલ ડિપાર્ટમેન્ટ માટે રાવપુરામાં 1 સપ્ટેમ્બર, 1934માં પ્રથમ હેડ ઓફિસ બનાવાઇ હતી. આ વર્ષે 80 વર્ષ પૂરાં કરનાર આ ઈમારત આઠ દાયકાના તડકા-છાંયા બાદ પણ અડીખમ ઊભી છે.

વડોદરા જીપીઓની રાવપુરા સ્થિત ઈમારતે 80 વર્ષ પૂરાં કર્યાં

ANNIVERSARY

કુણાલ પેઠે : વડોદરા

વડોદરા સ્ટેટમાં પણ અંગ્રેજોની પ્રણાલી મુજબ શરૂ કરવામાં આવે તે માટે મહારાજા ખંડેરાવ ગાયકવાડે અંગ્રેજો સાથે કરાર કરીને રસ દાખવ્યો હતો. જોકે પોસ્ટ ઓફિસ ક્યાં સ્થપાવી જોઇએ તે બાબતે અંગ્રેજ સરકાર અને ગાયકવાડ વચ્ચે એકમતી સધાતી ન હોવાથી વિવિધ જગ્યાઓ બાદ છેવટે રાવપુરા ખાતે 1934માં હેડ ઓફિસ માટેની પાકી ઈમારત બંધાઇ હતી જેને 1લી સપ્ટેમ્બરે 80 વર્ષ પૂરા કર્યા છે.

આ બિલ્ડિંગ પણ પોસ્ટ ઓફિસ માટે જ તૈયાર કરવામાં આવી હતી. લોકોને અવરજવરમાં ખાસ તકલીફ ન પડે તે માટે એ જમાનાના 1900 ચોરસ મીટર વિસ્તારમાં સિટીના હાર્દ વિસ્તારમાં જ આ ઈમારત માટેની જગ્યા ફાળવીને તૈયાર કરાવી હતી. તેની ઊંચાઇ 45 ફૂટ જેટલી છે. બે માળની આ ઈમારતમાં પોસ્ટ ઓફિસમાં લોકોની અવરજવર વધુ રહેતી હોવાથી તેનો સેન્ટ્રલ હોલ વિશાળ રાખવામાં આવ્યો હતો. ઉપરના માળે જવા માટે એક લોખંડની સીડી રાખવામાં આવી હતી. જે આજે પણ યથાવત્ છે. ત્યારે અહીં સોર્ટિંગરૂમ, સ્ટોકરૂમ, પોસ્ટ માસ્ટર રૂમ, રનર્સરૂમ અને ક્લર્કરૂમ તૈયાર કરવામાં આવ્યાં હતા. ત્યારે બરોડા સ્ટેટની મુખ્ય પોસ્ટ ઓફિસ હોવાથી ચીફ જનરલ પોસ્ટ માસ્ટર તરીકે અંગ્રેજ અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી હતી. જ્યારે પ્રિન્સ ધૈર્યશીલરાવ ગાયકવાડને એકાઉન્ટન્ટ જનરલનો હોદ્દો આપવામાં આવ્યો હતો. આજે 80 વર્ષે પણ આ પોસ્ટ ઓફિસનો લાલ રંગ અને નળિયાવાળો હિસ્સો યથાવત છે.

બરોડા સ્ટેટમાં કોઇપણ ટપાલ 7 દિવસમાં પહોંચે તેવી વ્યવસ્થા ઊભી કરાઇ હતી

શહેરનું સેન્ટર હોવાથી રાવપુરા વિસ્તાર પસંદ કરાયો હતો

▶ બે માળની આ ઇમારતમાં પોસ્ટ ઓફિસમાં લોકોની અવરજવર વધુ રહેતી હોવાથી તેનો સેન્ટ્રલ હોલ વિશાળ રખાયો હતો.

ફેક્ટ ફાઈલ

1934 માં ઈમારત બનાવાઈ

1900 ચો.મી તેનો વિસ્તાર

45 ફૂટ ઓફિસની હાઈટ

80 વર્ષ થયા ઈમારતને

શા માટે આ જ સ્થળે પોસ્ટ ઓફિસ બનાવવામાં આવી?

જ્યારે નવી પોસ્ટ ઓફિસની ઇમારત તૈયાર કરવા માટેની તૈયારીઓ ચાલતી હતી. ત્યારે સયાજીરાવના અધિકારીઓએ તે સમયના સૂર્યનારાયણ મંદિરના મહંત સાથે નવા સ્થળ માટે ચર્ચા કરી હતી. ત્યારે તત્કાલિન પૂજારીએ આ ઇમારત સૂર્યમંદિર સામેના મેદાનમાં જ તૈયાર કરવામાં આવે તેવી લાગણી વ્યકત કરી હતી. તેથી અંગ્રેજોને આ સૂર્યમંદિરની બાજુની જગ્યા ફાળવવામાં આવી હતી.

અગાઉ રાવજી ફણસેનો વાડો હતો

અગાઉ નવી ઇમારત સેન્ટ્રલ લાઇબ્રેરીની પાસે બાંધવાનું આયોજન હતું. પણ સૂર્યમંદિરની સામેની જગ્યા રાવજી આપાજી ફણસે નામના એક 90 વર્ષ અગાઉ થઇ ગયેલા સેનાપતિને ફાળવવામાં આવેલી જગ્યાં હતી. આ મેદાન બિલ્ડિંગને અનુકુળ આવે તેમ હતું.

બરોડા પોસ્ટલ હિસ્ટ્રી પણ રોમાંચક

1863માં બ્રિટિશર્સ માંડવી પાસે પોસ્ટ ઓફિસ શરૂ કરવા માગતા હતા. પણ ચાર દરવાજામાં સાંજ પડે ગેટ બંધ થતાં હોવાનું કારણ ધરી ત્યાં પોસ્ટ ઓફિસ શરૂ ન કરવા જણાવ્યું. ત્યારબાદ ક્રમશઃ લિમડા ચોક, રાજમહેલ રોડ, મકરપુરા પેલેસ નજીક પણ પોસ્ટ ઓફિસો શરૂ થઇ.

પોસ્ટ બોક્સ પણ શરૂ થયાં

1લી સપ્ટેમ્બરના રોજ નવી હેડ પોસ્ટ ઓફિસની શરૂઆત થઇ અને વિન્ડો સિસ્ટમ બંધ કરવામાં આવી. અગાઉ લોકો ટપાલ પોસ્ટ ઓફિસમાં જઇને આપતાં હતા. તે જ દિવસથી પોસ્ટ બોક્સ પ્રણાલી પણ વડોદરામાં અસ્તિત્વમાં આવી.

પ્રશાંત પંડ્યા, પ્રેસિડેન્ટ-બરોડા ફિલાટેલિક સોસાયટી.

ACHIEVEMENT

શૈક્ષણિક ક્ષેત્રે વિશેષ પ્રદાન આપવા બદલ એવોર્ડ માટે પસંદગી થઈ

સુવાસ ઓનેસ્ટને મળ્યો ઇન્ડિયન લીડરશિપ એવોર્ડ

BEST TEACHER

સિટી રિપોર્ટર : વડોદરા

શહેરના નિઝામપુરાની વેબ મેમોરિયલ સ્કૂલના પ્રિન્સીપાલ સુવાસ ઓનેસ્ટને ઓલ ઇન્ડિયા એચિવર્સ ફાઉન્ડેશન દ્વારા 'ઇન્ડિયન લીડરશિપ એવોર્ડ ફોર એજ્યુકેશન એક્સિલન્સ' એનાયત કરાયો છે. આ એવોર્ડ તેમને દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં પૂર્વ ઇલેકશન કમિશનર ડો.જી વી. જી કિષ્નમૂર્તિ અને પૂર્વ યુનિયન કેબિનેટ મિનિસ્ટર ભિષ્મનારાયણ સિંઘ અને અન્ય મહાનુભાવોના હસ્તે અનાયત કરાયો હતો.

આ એવોર્ડમાં તેમની પસંદગી વિશે તેમણે જણાવ્યું કે, 'આ સંસ્થાએ સ્કૂલ વિશેનું એક પ્રેઝેન્ટેશન મંગાવ્યું હતું. ત્યારબાદ દિલ્હી ખાતે પણ પાવરપોઇન્ટ પ્રેઝેન્ટેશન યોજ્યું હતું. જેમાં શાળામાં થતી વિવિધ શૈક્ષણિક અને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનો ઉલ્લેખ અને આચાર્ય તરીકેની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.' તેમના પ્રયાસોથી વેબમેમોરિયલ સ્કૂલમાં ધો.11 અને ધો.12ના વર્ગો શરૂ થયા હતા. આ ઉપરાંત વિકલાંગ અને ઓછો બુદ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓને પણ શિક્ષણ આપવામાં આવે છે. તેમણે અંગ્રેજી વિષયના રિસોર્સ પર્સન તરીકે, બોર્ડના પેપર સેટર તરીકે પણ સેવાઓ આપી છે.

પ્રોફાઇલ

સુવાસ ઓનેસ્ટ
- **એજ :** 57 વર્ષ
- **સર્વિસ :** પ્રિન્સિપાલ, વેબ મેમોરિયલ સ્કુલ,નિઝામપુરા.
- **એજ્યુકેશન :** બીએ એમએડ્ (અંગ્રેજી)
- **હોબી :** મ્યૂઝિક

FAMILY

રાઈફલ શૂટિંગનો શોખ 3 દાયકાથી હલવાઈ પરિવારની પ્રથા છે

BULL'S EYE

દિપ્તી સાવંત : વડોદરા

વારસામાં શોખ પણ મળતાં હોય છે. પરંતુ શહેરના હલવાઈ પરિવારમાં રાઈફલ શૂટિંગ એ શોખ કરતા, પ્રથા બની ગઈ છે. 1966માં રામદાસ હલવાઈએ શરૂ કરેલા રાઈફલ શૂટિંગના મૂળીયા હવે પરિવારના દરેક સભ્ય સુધી ફેલાઈ ગયા છે, અને વટવૃક્ષની જેમ દરેક મેમ્બર્સમા જિનમાં આવી ગયાં છે. વડોદરા રાઈફલ ક્લબની સ્થાપના પાછળ રામદાસ હલવાઈનું મોટું યોગદાન હતું. અને આજે તેમના પુત્ર એ જ ક્લબને એક નવી ઊંચાઈ આપવા માટે પ્રયાસો કરી રહ્યાં છે. તાજેતરમાં જ તેમના પુત્ર દિપક હલવાઈને રાજ્ય સરકારનો 'સરદાર પટેલ એવોર્ડ' એનાયત થયો છે અને તેમને ઈનામમાં મળેલી રકમ 50,000 ક્લબના લાભાર્થે વાપરવાનો નિર્ણય લીધો છે.

રામદાસ હલવાઈ બાદ તેમના ત્રણેય પુત્રો સંજય, મનોજ અને દિપક હલવાઈએ આ શોખ અપનાવ્યો. પુરુષોના લોખંડી હાથોની શોભા બનતી રાઈફલ પકડવામાં તો આ પરિવારની મહિલાઓ પણ માહેર છે. આ પરિવારમાં મહિલાઓને માથે ઘુંઘટ લેવાની પ્રથા છે. ઘુંઘટમાં છુપાયેલી નજરો રેન્જમાંનું ટાર્ગેટ પણ આબાદ રીતે શૂટ કરી જાણે છે. ઘરની વહુઓએ લગ્ન બાદ શૂટિંગની ટ્રેનિંગ લેવી એ પરિવારની પ્રથા છે. તેથી જ રામદાસ હલવાઈના પત્ની પ્રભાવતી હલવાઈ અને ત્રણ વહુઓ સંધ્યા, સંગીતા અને અંજલી હલવાઈએ પણ ટ્રેઈનિંગ લીધી છે. અને હવે આગામી પેઢી આ વારસો સંભાળવા તૈયાર છે. મનોજ હલવાઈના પુત્ર આકાશ ડિસ્ટ્રીક્ટ રનર અપ છે. ત્રણ વાર સ્ટેટમાં રમ્યો છે. જ્યારે, બાકીના સંતાનો હજી નાના છે, પણ જ્યારે તેમના હાથ રાઈફલ પકડવા સક્ષમ થશે ત્યારે તેમને પણ ટ્રેઈનિંગ આપવામાં આવશે તેવું દીપક હલવાઈએ જણાવ્યું હતું.

કુટુંબની સ્ત્રીઓને પણ ટ્રેનિંગ લેવી કમ્પલસરી

▶ શૂટિંગના શોખ માટે પેશનેટ સમગ્ર હલવાઈ પરિવાર.

પરિવારનાં એચિવમેન્ટ્સ

- **રામદાસ હલવાઈ :** નેશનલ ચેમ્પિયન(1988), વેટરન ઈવેન્ટમાં સ્ટેટ અને નેશનલ ચેમ્પિયન
- **સંજય હલવાઈ :** સ્ટેટ ચેમ્પિયન, નેશનલ રમ્યાં છે
- **મનોજ હલવાઈ :** સ્ટેટ ચેમ્પિયન, નેશનલ રમ્યાં છે. તેમજ પોઈન્ટ 22 રાઈફલ પ્રોન 50 મીટરમાં સ્ટેટ રેકોર્ડ હોલ્ડર
- **દીપક હલવાઈ :** તાજેતરમાં જ સરદાર પટેલ એવોર્ડ મળ્યો. નેશનલ ચેમ્પિયન (10 મેડલ્સ), સ્ટેટ ચેમ્પિયન (45 મેડલ્સ) તથા રાજ્યમાં ગત 16 વર્ષથી પોઈન્ટ 22 ઓપન સાઈટ રાઈફલ 3 પોઝિશન 50 મીટર ઈવેન્ટમાં સતત ગોલ્ડ મેડલ મેળવી રહ્યાં છે. જેમાં તેમણે પોતાનો જ રેકોર્ડ ત્રણ વાર તોડ્યો છે.
- **પ્રભાવતી હલવાઈ :** ડિસ્ટ્રિક્ટ ચેમ્પિયન (1972)
- **અંજલિ હલવાઈ :** ડિસ્ટ્રિક્ટ રનર અપ

શોખ જિનમાં ઊતર્યો છે

આ શોખ તો અમારા જિનમાં ઊતર્યો છે. હલવાઈ ફેમિલી મેડ ફોર રાઈફલ શૂટિંગ. આ શોખ બહુ મોંઘા શોખમાંનો ગણાય છે, તેમ છતાં પિતાએ તમામને તેની ટ્રેઈનિંગ આપી. અને તેથી જ હું હવે બીજાના શીખવાડવામાં, તેમને આગળ લઈ આવવામાં મદદગાર બની રહ્યો છું. અમારા પરિવારનો પ્રયાસ પિતાના રાઈફલ ક્લબના ડેવલપમેન્ટના ડ્રીમને આગળ ધપાવવાનો છે. 24 કલાક સતત માઈન્ડમાં ક્લબના વિકાસની જ વાતો ચાલતી હોય છે.

દીપક હલવાઈ, માનદ મંત્રી-બરોડા રાઈફલ ક્લબ